# આજે ઉમેદવારોની પસંદગી અંગે ભાજપનું પાર્લામેન્ટરી બોર્ડ મળશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી અંગે શુક્રવારે સાંજે ૭ વાગે મુખ્યમંત્રીના નિવાસસ્થાને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલની ઉપસ્થિતિમાં પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળશે.

૧૧ વોર્ડની ૪૪ બેઠક માટે ૫૫૦ થી વધુ દાવેદારોએ આ જંગ માટે તેમના દાવા નિરીક્ષકો સમક્ષ રજુ કર્યા છે. છેલ્લા બન્ને ચૂંટણી જંગમાં ભાજપની રણનીતિ નિષ્ફળ નિવડી હોવાથી આ વખતે ભાજપ કઈ રણનીતિ અપનાવે છે તેને લઈ રાજકીય પ્રવાહો પાટનગરમાં ઉત્તેજનાપૂર્ણ વહી રહ્યા છે.

ભાજપના પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં નિરીક્ષકોના અહેવાલ પર ચર્ચા કરવામાં આવશે. આ ઉપરાંત ઉમેદવારોની પસંદગી અંગે વિચારણા હાથ ધરવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે ભાજપના પાર્લામેન્ટરી બોર્ડમાં દરેક વોર્ડની રાજકીય સ્થિતિની સમીક્ષા પછી ઉમેદવારોની પસંદગી અંગે ચર્ચાઓ થશે.

ભાજપમાં આ વખતે શહેરની હદમાં કરાયેલા વધારા પછી થયેલા નવા સીમાંકનને નજરમાં લેવામાં આવશે. ભાજપ તરફથી હોળી પર્વને ધ્યાને રાખી સોમવારે સાંજે અથવા મંગળવારે સવારે ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવશે.

ભાજપ દ્વારા આ વખતે ઉમેદવારોની પસંદગીને લઈ પેપરવર્ક બહુ કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત નિરીક્ષકો પણ તેમનો અહેવાલ અલગથી રજુ કરશે એટલે બેઠક લાંબી ચાલશે તેમ મનાઈ રહ્યુ છે.

શહેરમાં નવા ઉમેરાયેલા વિસ્તારોમાં ઉમેદવારોની પસંદગી માટે પક્ષ સંગઠ્ઠન અને વિસ્તાર પર પક્કડ ધરાવતા ઉમેદવારોની પસંદગીને અગ્રતા આપશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

જો કે શહેરમાં આ વખતનો જંગ રોચક, રસાકસીભર્યો તેમજ હાઈ પ્રોફાઈલ બનશે તેવી અટકળો રાજકીય વર્તુળોમાં ચાલી રહી છે.

# કોંગ્રેસ સમક્ષ આજે વોર્ડ ૧ થી ૬ માટે ૧૯૬ દાવેદારોએ જંગમાં ઝુકાવવાની તૈયારી બતાવી



ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરમાં કોંગ્રેસ દ્વારા આજથી ઉમેદવારોની રજુઆતો સાંભળવાનું શરૂ થયુ છે. પ્રથમ દિવસે વોર્ડ નં. ૧ થી ૬ માં કુલ ૧૯૬ જેટલા દાવેદારોએ તેમના નામની રજુઆત કરી છે.

મનપા માટે નિમાયેલા નિરીક્ષકો ડૉ. જિતુભાઈ પટેલ, સંજયભાઈ અમરાણી, જયરાજસિંહ પરમાર અને વંદનાબેન પટેલે આજે દરેક ઉમેદવારને મળી તેમની રજુઆતો સાંભળી હતી. તેમણે દાવેદારો પાસેથી વોર્ડના પ્રશ્નો, વોર્ડમાં રાજકીય સ્થિતિ, પક્ષ સાથે કેટલા સમયથી સંકળાયેલા છો, પક્ષના કાર્યક્રમોમાં હાજરી કેટલી આપી જેવા પ્રશ્નો પણ પુછ્યા હતા.

બપોરે ૧ વાગ્યાથી શરૂ થયેલી આ કામગીરી સાંજના ૭ વાગ્યા સુધી ચાલી હતી. હજુ આ કામગીરી આજે પણ ચાલુ રહેશે.

કોરોનાની ગાઈડલાઈનના પાલનને લઈ ઉમેદવારોને એકલા જ રજુઆત માટે બોલાવવામાં આવ્યા હતા. વોર્ડ નં. ૧, ૪, ૬ માં દાવેદારોની સંખ્યા વધુ જોવા મળી હતી.

શુક્રવારે વોર્ડ નં. ૭ થી ૧૧ ની સુનાવણી હાથ ધરવામાં આવશે. આ પછી નિરીક્ષકો તેમના અહેવાલ સાથે ઉમેદવારોની પેનલ તૈયાર કરી અને પ્રદેશ સમિતિને મોકલી આપશે. કોંગ્રેસ દ્વારા પણ ૨૮મી પછી જ ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવશે. મેદવારોની યાદી બે તબક્કામાં જાહેર થશે તેમ મનાઈ રહ્યુ છે. બીજી તરફ વોર્ડવાર બેઠકોનું આયોજન પણ પક્ષ દ્વારા હાથ ધરવામાં આવ્યુ છે. આ બેઠકોમાં પ્રદેશ દ્વારા નિમાયેલા ૨૨ નિરીક્ષકો હાજરી આપશે અને તેઓ પણ તેમનો અહેવાલ પ્રદેશ સમિતિને આપશે.



વતન જવા પડાપડી - હોળી પર્વની ઉજવણી માટે માદરે વતન જવા રાજસ્થાનીઓ પડાપડી કરી રહ્યા છે... ગાંધીનગર જિલ્લાના ચિલોડા જંકશન પર રાજસ્થાન જવાની ખાસ બસો વર્ષોથી ઉપડે છે... અને હજારો રાજસ્થાની શ્રમિકો દર હોળી પર્વના ૩-૪ દિવસ પહેલા માદરે વતન જવા લાઈનો લગાવે છે... ગુરૂવારે સાંજે ચિલોડા ચાર રસ્તા પર બસ મેળવવા પડાપડી કરતા જોવા મળ્યા હતા તો કેટલાક રાજસ્થાની પરિવારો બસની છત કે શટલીયા જીપનો છાપરે બેસીને માદરે વતન જવા તૈયાર થયા હતા. તો બીજી તરફ બસ ન મળતા સમયસર હોળી પર્વે વતન પહોંચવા ચાલતા જવા પણ તત્પરતા બતાવતા વતનપ્રેમીઓ નજરે પડે છે...

# સુકાપાંદડાઓમાં આગ ચાંપવાના બનાવો રોકવા વનતંત્રની ટીમ પેટ્રોલીંગ કરશે

**સે- ૫ માં આજે પણ કચરામાં આગ ચાંપી દેવાતા આખરે ફાયરબ્રિગેડની મદદ લેવી પડી**

ગાંધીનગર તા ૨૫

શહેરના સેકટરોમાં સુકાયેલા પાંદડામાં આગ ચાંપવાના કીસ્સા વધી રહ્યા છે. પાનખરના અંતે સેકટરોમાં છવાયેલી હરિયાળી વચ્ચે સુકા પાંદડાઓનો ઢગ ખડકાયો છે. એકબાજુ આ કચરાની યોગ્ય સમયે સફાઇ પણ થતી નથી જયારે સુકાયેલા પાંદડાના ઢગમાં ગમે ત્યારે આગ ચાંપી દેવાતા હરિયાળીને પણ નુકશાન થાય છે. આજે પણ સે-૫ માં આ પ્રકારની ઘટના બનતા વનતંત્રએ ફાયર બ્રિગેડને જાણ કરી હતી સેકટરોમાં બનતા આ મુજબના આગના બનાવોને ડામવા માટે વનતંત્ર દ્વારા પેટ્રોલીંગ માટે એક ટીમ કાર્યરત કરવામાં આવી છે. જયારે આ પ્રકારની હરકત કરતા તત્વો સામે યોગ્ય કાર્યવાહી પણ કરાશે.

શહેરના સેકટરોમાં પાનખર બાદ જાહેરમાં કચરો સળગાવાની હરકત વધી રહી છે. જયારે કચરો સળગાવવાના લીધે અન્ય હરિયાળા વૃક્ષોને નુકશાન પણ થાય છે. જેના લીધે પ્રકૃતિ પ્રેમીઓમાં પણ રોષ પ્રવર્તયો છે. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર હરિયાળા વૃક્ષોની વનરાજી જોવા મળે છે. જેના લીધે પાનખર દરમિયાન સતત સુકા પાંદડા વૃક્ષો પરથી ખરતા રહેતા આ કચરાની યોગ્ય સમયે સફાઇ પણ થતી નથી જેથી સુકા પાંદડામાં સ્થાનિકો દ્વારા આગ ચાંપી દેવાતા આગ વધુ ફેલાઇ અને અન્ય હરિયાળા વૃક્ષો

● અનુસંધાન પાન-૭ પર

# રેલવે બોર્ડ : ગાંધીનગર માટે કોઇ નવી યોજના નથી ઉવારસદને સ્ટેશન નહીં

**શહેર વસાહત મહામંડળની રજુઆત અન્વયે રેલવેએ પત્ર લખી જવાબ આપ્યો : ગાંધીનગર પ્રાંતિજ રેલવે લાઇનનુ કામ પણ પડતુ મુકવા નિર્ણય લેવાયો : નવી ટ્રેઇન શરૂ કરવા મહામંડળની રજુઆત**

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગરમાં રેલવેને અનુલક્ષી હાલ કોઇ નવી યોજનાનો અમલ કરવામાં આવશે નહીં. શહેર વસાહત મહામંડળે રેલવે વિભાગને કરેલી રજુઆત અન્વયે પત્રના માધ્યમથી ઉવારસદને પણ સ્ટેશન મળશે નહીં તેમ પણ ઉત્તરમાં જણાંવાયુ છે. જયારે ગાંધીનગર પ્રાંતિજ રેલવે લાઇનનો પ્રોજેકટ પણ હાલ પુરતો પડતો મુકવામાં આવ્યો છે.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ મહામંડળની રજુઆતના અનુસંધાને વેસ્ટર્ન રેલવેના ડીવીઝનલ મેનેજર દિપક ઝા ના જણાંવ્યા મુજબ જિલ્લાના ઉવારસદ ગામમાં રેલવે સ્ટેશન આપવાનુ શક્ય નથી. ઉવારસદ ગાંધીનગરથી માત્ર ૭ થી ૮ કી મીના અંતરે આવેલુ છે. જેના લીધે સ્ટેશનનુ સ્ટોપેજ પણ આપી શકાય

● અનુસંધાન પાન-૭ પર

# કોરોનાના વધતા કેસના પગલે એસટીની આવકમાં ૩૦ ટકાનો ઘટાડો

**ગાંધીનગર ડેપોની આવકમાં પ્રતિદિન એક લાખનો ઘટાડો**

ગાંધીનગર તા ૨૫

કોરોનાના કેસ વધતા એસ ટી ડેપોમાં પણ મુસાફરોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. સંક્રમણથી બચવા માટે આમ નાગરિકો સલામત સવારીનો ઉપયોગ કરવાનુ ટાળી રહ્યા છે. જેના લીધે એસ ટી ડેપોની આવક પણ રૂ- ૧ લાખનો ઘટાડો થયો છે. કોરોનાના વધતા કેસ વચ્ચે મુસાફરો ખાનગી વાહનોનો વિશેષ ઉપયોગ કરી રહ્યા છે.

**કોરોનાના સંક્રમણથી બચવા મુસાફરો એસટીમાં જવાનુ ટાળે છે**

છેલ્લા એક વર્ષથી કોરોનાના કપરા સમયગાળામાં એસ ટી બસના રૂટ તેમજ ટ્રાફિક ખોરવાયો છે. છેલ્લા ત્રણ ચાર મહીનાથી એસ ટી ના પૈડા માંડ ટ્રેક પર ચઢયા હતા. ત્યારે કોરોનાના કેસમાં ફરી ઉછાળો નોંધાતા મુસાફરોની સંખ્યામાં ઘટાડો થયો છે. કોરોનાના સંક્રમણથી બચવા માટે નાગરિકો હવે સલામત સવારીમાં મુસાફરી કરવાનુ ટાળી રહ્યા હોવાનુ ધ્યાને આવ્યુ છે. એકબાજુ અમદાવાદ સહીતના મહાનગરોમાં રાત્રિ કરફયુ હોવાના લીધે રાત્રિના સમયે આમ પણ બસ સેવામાં કાપ મુકવાની ફરજ પડી છે. જેના લીધે શહેરી બસ સેવાના રૂટો પણ ઘટાડી દેવાયા છે. અગાઉ કોરોનાનામાં થોડી રાહત થતા અલબત્ત કેસમાં ઘટાડો નોંધાતા એસ ટી બસમાં રૂટીન ટ્રાફિક જોવા મળતો હતો. હાલ એસ ટી ડેપોમાં તમામ રૂટોની બસ સેવા ચાલુ છે. જેમાં શહેરી બસ સેવા ઉપરાંત બહારગામના રૂટોની બસ તેમજ વોલ્વો બસ પણ દોડી રહી છે. પરંતુ થોડા દિવસોથી મુસાફરોની સંખ્યામાં ઘટાડો થયો છે. જેના લીધે એસ ટી ડેપોની આવકમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. અગાઉ પ્રતિદિન ગાંધીનગર ડેપોની આવક પ્રતિદિન રૂ ૫ લાખ હતી જયારે છેલ્લા કેટલાક દિવસથી પ્રતિદિન થતી આવકમાં રૂ ૧ લાખનો ઘટાડો થયો છે. કોરોનાના વધતા કેસ વચ્ચે અપડાઉન કર્તાઓ એસ ટી માં જવાનુ પસંદ કરતા નથી. કેસ વધતા સંક્રમણથી બચવા ખાનગી વાહનોનો ઉપયોગ વધ્યો છે.

# શહેર-જિલ્લામાં વધુ ૩૮ કેસ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે ૩૮ કેસ મળી આવ્યા છે. ગ્રામ્યમાં ૧૭ અને શહેરમાં ૨૧ કેસ મળી આવ્યા છે.

ગ્રામ્યવિસ્તારમાં આજે બે વિદ્યાર્થી અને ૩ મહિલાઓ સંક્રમિત થઈ છે. આજે નોંધાયેલા કેસોમાં બે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગાંધીનગર તાલુકામાં ૧૩, કલોલમાં ૨ અને માણસામાં ૨ કેસ મળી આવ્યા છે. કલોલ અને માણસામાં જે રીતે કેસો મળવાના શરૂ થયા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર તાલુકામાં કુડાસણમાં ૪ અને સરગાસણમાં ૫ કેસ મળવા ઉપરાંત મોટા ચીલોડા ગામેથી બે કેસ મળ્યા છે. તેમજ વાસણા હડમતિયા, વાસણથી પણ એક-એક કેસ મળી આવેલ છે.

**શહેરમાં સતત બીજે દિવસે ૨૧ કેસ : ગ્રામ્યમાં ૧૭ કેસ : ગાંધીનગર તાલુકામાં કુડાસણમાં ૪, સરગાસણમાં ૫ કેસ સહિત ૧૩ કેસ : માણસા-કલોલમાં બે-બે કેસ : સે. ૨, ૨૭ માં ૩-૩, સે. ૨૩, ૪, ૫ માં ૨-૨ કેસ ઉપરાંત સે. ૩, ૨૯, ૧૪, ૧૨, ૩૦, ૭, ૩-એ-ન્યુ, ૨૬ અને સે. ૬ માંથી કેસ મળ્યા**

કલોલ તાલુકામાં અર્બન-૨ વિસ્તારમાંથી એક અને બોરીસણામાંથી એક કેસ મળી આવેલ છે. બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

માણસા તાલુકામાં સમૌ અને માણસા અર્બનમાંથી એક-એક કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં ૪૨૯૨ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૮૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૧૧૦૯ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે સતત બીજે દિવસે ૨૧ કેસ કોરોનાના નોંધાયા છે. શહેરમાં કેસોની સંખ્યા વધતાં તંત્રની દોડધામ પણ વધી જવા પામી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૭ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસોમાંથી બે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

શહેરમાં આજે સે. ૨ માં અને સે. ૨૭ માંથી ૩-૩ કેસ તેમજ સે. ૨૩, ૪ અને સે. ૫ માંથી ૨-૨ કેસ મળવા ઉપરાંત સે. ૩, સે. ૨૯, ૧૪, ૧૨, ૩૦, ૭, ૩-એ-ન્યુ, ૨૬ અને સે. ૬ માંથી કેસ મળી આવેલ છે. શહેરમાં વધતા જતા કેસોને પગલે સર્વેલન્સ સઘન બનાવવામાં આવ્યુ છે. મોટીવયના લોકોને પણ અનિવાર્ય ના હોય તો ઘરની બહાર ન નીકળવાની અપીલ પણ તંત્રએ દોહરાવી છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં વ્હીકલ ટ્રાન્ઝેક્શન કોર્પોરેશનનો કર્મયોગી, એક તબીબ, કમાન્ડો, નાયબ મામલતદાર, એસ.આર.પી.નો કર્મયોગી, બે શિક્ષક, નાગરિક બેંક, કલ્પતરૂનો કર્મયોગી, એક પોલીસ સબ ઈન્સ્પેકટર અને અન્ય કર્મયોગીનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે વધુ ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા વધીને ૧૬૭ પર પહોંચી છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોના કડક અમલ માટે પણ તાકીદ કરી છે. શહેરમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા વધીને ૧૮૫ પર પહોંચી છે.

કોરના માટે અગાઉ સંવેદનશીલ બનેલ વિસ્તારોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. કોરોનાના આ નવા રાઉન્ડમાં મહિલા દર્દીઓ, મોટીવયના લોકો અને વિદ્યાર્થીઓ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે.

## શહેરમાં વેક્સીનેશનને વધુ સઘન બનાવવામાં આવશે

**સચિવાલયમાં આજે ૮૫૨ કર્મયોગીઓનું વેક્સીનેશન થયુ, ન્યુ ગાંધીનગરમાં આજે ૬ સ્થાનો પર વેક્સીનેશન માટે ખાસ કેમ્પ યોજાશે, ઉદ્યોગભવનમાં પણ વેક્સીનેશન સેન્ટર ચાલુ કરાશે**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં કોરોના વેક્સીનેશનને વધુ ઝડપી બનાવવા માટે આજે વધુ ૬ સેન્ટરો પર વેક્સીનેશન સાઈટો શરૂ કરાશે.

નવા સચિવાલયમાં આજે ૬૮૫ જેટલા કર્મયોગીઓને આવરી લેવામાં આવ્યા હતા તો જુના સચિવાલય ખાતેના વેક્સીનેશન સેન્ટરમાં ૧૬૭ જેટલા કર્મયોગીઓને આવરી લેવામાં આવ્યા હતા.

રાજ્ય સરકારે આજે નવા સચિવાલય અને જુના સચિવાલય ઉપરાંત ઉદ્યોગભવન ખાતે પણ વેક્સીનેશન સેન્ટર શરૂ કરવાનો નિર્ણય લીધો છે.

બીજી તરફ ન્યુ ગાંધીનગર તરીકે ઉભરી આવેલા સુઘડ પ્રા.આ. કેન્દ્રમાં આજે ૪ સ્થાનો પર ૪૮૦ થી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

આજે જિલ્લાતંત્ર દ્વારા નારાયણ સ્ટેટસ ભાટ, વૃંદાવન હોમ રાયસણ, બાલમુકુન્દ હાઈટ્સ રાંદેસણ, સનસાઈન હાઈટ્સ કુડાસણ, મહાલક્ષ્મી રોયલ પેલેસ કુડાસણ અને શુભ પાયોનિયર કોબા ખાતે કોરોના વેક્સીનેશન માટે ખાસ કેમ્પ કરવાનું આયોજન કરવામાં આવ્યુ છે.

શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં વેક્સીનેશનના કાર્યક્રમને સઘન બનાવવા માટેનો તંત્રએ ખાસ રોડમેપ તૈયાર કરી દીધો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. આ ઉપરાંત ટેસ્ટીંગમાં પણ વધારો કરવામાં આવી રહ્યો છે. ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં ટેસ્ટીંગ માટે પણ સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે.

સરમાઉન્ટ હોસ્પિટલ
SURMOUNT HOSPITAL
પ્લોટ નં.R-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેકટર-૨૬, ગાંધીનગર.
મો. ૮૪૬૯૮૮૦૫૫૦, ૯૬૨૪૪૦૧૯૯૯
ગર્વમેન્ટ માન્ય કોવિડ સેન્ટર
EMERGENCY 24 HOURS SERVICES
હોમકેર પેકેજ
• દરરોજ કોવિડ સ્પેશ્યાલિસ્ટ એમ.ડી. ફીજીશીયનની એક વિઝીટ
• કોવિડ કેર કીટ જેમાં ઓક્સિજન માત્રા ચેક કરવા માટે પલ્સ ઓકસી મીટર, થર્મોમીટર, સ્ટીમ ઈન્હેલર (નાસ લેવા માટે), N-95 માસ્ક, હેન્ડ સેનેટાઈઝર
• ઈમરજન્સી સારવાર 24 x 7 વિડીયો કોલીંગ મારફતે અને જરૂર પડે તો ઘરે પણ
• જરૂર પડે તો કોવિડ હોસ્પિટલમાં દાખલ થવા સુધીની સગવડ
• કોવિડ માટેના મોઘા ઈન્જેકશન Remdesivir ઘરે આપવાની સુવિધા
• 7 દિવસનું પેકેજ ઉપલબ્ધ • સીટી સ્કેન કરાવવા માટે એમ્બ્યુલન્સની સુવિધા
• ઘર બેઠા બ્લડ રીપોર્ટ • કોરોનાને લગતી તમામ દવાઓ • સંપૂર્ણ 7 દિવસનું પેકેજ
*T&C

# જિલ્લામાં બે વર્ષમાં ૭૮૫ ઓવર લોડ ડમ્પરો પકડાયા

**જિલ્લામાં મસાલાના પાક ઉત્પાદન વૃદ્ધિ માટે ૧૦૦૬ ખેડૂતો રૂ. ૬૨,૮૨,૨૦૬ની સહાય ચુકવાઈ, કુટિર ઉદ્યોગ થકી જિલ્લામાં ૧૩૮૬ લોકોને રોજગારી પ્રાપ્ત થઈ : ખેત ઉત્પાદન પ્રોસેસ ક્ષેત્રે જિલ્લામાં રૂ. ૨,૧૬,૦૮,૪૫૩નો ખર્ચ થયો : સહકારી ટ્રિબ્યુનલમાં આજે ૧૬૪૩ કેસ પડતર છે**

ગાંધીનગર, તા. ૨૫

આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં કૃષિ, ગ્રામ વિકાસ, વાહન-વ્યવહાર, નાગરિક પુરવઠા, પ્રવાસન, રમત-ગમત, સહકાર વિભાગને લગતી પ્રશ્નોત્તરી હતી. પ્રશ્નોત્તરી સહાય દરમ્યાન સામાન્યતઃ જોવા મળતી ઉત્તેજના ઓછી જોવા મળી હતી.

● **ખેત ઉત્પાદન પ્રોસેસ સહાય**

ગાંધીનગર(ઉ)ના કોંગી ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કયા પાકના પ્રોસેસ માટે સહાય ફાળવવામાં આવી તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં કૃષિમંત્રીએ જણાવ્યુ છે કે સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ ૨૦૧૬-૨૧ યોજના રાજ્યમાં ૭-૫-૧૬ થી અમલમાં છે.

આ યોજના હેઠળ પાક વાઈઝ નાણાંકીય સહાયની રકમ ચુકવવામાં આવતી નથી પરંતુ યોજનાની ગાઈડલાઈન હેઠળ નાણાંકીય સહાય ચુકવવામાં આવે છે.



**વિધાનસભામાં ગાંધીનગર**
**- પ્રકાશ જહા**

ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૮-૧૯ ના વર્ષમાં રૂ. ૮૧,૨૯,૦૧૨ ની અને ૨૦૧૯-૨૦ માં રૂ. ૧,૩૪,૭૯,૪૪૧ની સહાય ચુકવવામાં આવી છે.

મંત્રીએ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં ફાળવવામાં આવેલ રકમ પૈકી ૨,૧૬,૦૮,૪૫૩નો ખર્ચ કરવામાં આવ્યો છે.

● **આધુનિક બજારો સ્થાપવાની યોજના**

બેચરાજીના ભરતજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવી તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં સહકાર મંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં આ યોજના અંતર્ગત કોઈ રકમ મંજૂર કરવામાં આવી નથી.

● **ડમ્પરો પકડવા બાબત**

માણસાના કોંગી ધારાસભ્ય સુરેશભાઈ પટેલે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ઓવરલોડ માટી, રેતી તથા કપચી ભરી જતા ડમ્પરો પકડવામાં આવ્યા તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે વર્ષ ૨૦૧૯ માં ૪૭૬ અને ૨૦૨૦માં ૩૨૬ ડમ્પરો પકડવામાં આવ્યા છે.

વાહન-વ્યવહાર મંત્રીએ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે પકડાયેલા ડમ્પરો પાસેથી માંડવાળ ફી ની વસુલાત કરવામાં આવી છે.

૨૦૧૯માં આવી વસુલાત રૂ. ૧,૩૯,૩૨,૦૦૦ અને ૨૦૨૦માં રૂ. ૬૩,૪૫,૦૦૦ની માંડવાળ ફી વસુલ કરવામાં આવી છે.

● **પ્રવાસન સ્થળોનો વિકાસ**

કોંગીના ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં ઉવારસદને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાનું આયોજન કરાયુ છે.

પ્રવાસન મંત્રીએ જણાવ્યું છે કે ઉવારસદમાં વાવનું નવીનીકરણ, એમ્પિ થિયેટર, ગઝેબો, ક્રિડાંગણ અને શૌચાલય બનાવવાનું આયોજન છે. બે વર્ષમાં આ માટે કોઈ ખર્ચ કરવામાં આવ્યો નથી. તેમણે જણાવ્યું છે કે આ અંગે ફાઈનલ વર્ક ઓર્ડર ઓક્ટો-૨૦૨૦માં આપવામાં આવ્યો હોવાથી ખર્ચ થયો નથી.

● **ધિરાણ-વસુલાત વૃદ્ધિ સહાય**

ગાંધીનગર(દ)ના શંભુજી ઠાકોર તથા દહેગામના બલરાજસિંહ ચૌહાણે ગાંધીનગર જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસુલાત વૃદ્ધિ સહાય આપવામાં આવી તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં સહકાર મંત્રીએ જણાવ્યુ છે કે ૩૯ સહકારી મંડળીઓને આવી સહાય આપવામાં આવી છે.

● **રમત-ગમતનું મેદાન**

કલોલના કોંગી ધારાસભ્ય બળદેવજી ઠાકોરે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ કલોલ શહેરમાં રમત-ગમતનું મેદાન બનાવવા માટેની કામગીરી કયા તબક્કે છે તેવા પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં રમત-ગમત મંત્રીએ જણાવ્યુ છે કે કલોલ શહેરમાં

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com